# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ

| લોક દરબાર તારીખ : ૦૮.૦૪.૨૦૧૬ શુક્રવાર | સ્થળ : મામલતદારશ્રીની કચેરી, બરવાળા | સમય : ૧૦.૦૦ કલાકે | તાલુકો : બરવાળા |
|---|---|---|---|

તા.૦૮.૦૪.૨૦૧૬ ના રોજ બરવાળા મૂકામે સરકારશ્રી દ્વારા યોજાનારા “લોક સંવાદ સેતુ - લોક દરબાર” અંતર્ગત રજુ થયેલ પ્રશ્ન/રજુઆતની વિગતો:

| પ્રશ્ન નંબર | અરજદારશ્રી નું નામ | પ્રશ્નની ટુંકી વિગત | અમલીકરણ અધિકારી / ખાતાના વડાશ્રીનો પ્રશ્ન નિકાલ અંગેનો જવાબ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૦૧ | લાભુબેન હેમુભાઈ ચૌહાણ<br>સરપંચ શ્રી ભીમનાથ | ભીમનાથ ગામના પ્લોટ વિસ્તારમાં આવેલ ટ્રાન્સફોર્મરમાં લો – વોલ્ટેજની ફરિયાદ હોઈ નવું ટ્રાન્સફોર્મર મુકવા બાબત | સદર ફરિયાદના અનુંસધાને બરવાળા પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૫.૦૪.૨૦૧૬ ના રોજ ભીમનાથ ગામના પ્લોટ વિસ્તારમાં આવેલ ૧૦૦ કે.વી.એ ના ટ્રાન્સફોર્મરમાં જોડવામાં આવેલ વીજ જોડાણનો સર્વે કરતા સદર ટ્રાન્સફોર્મરમાં સિંગલ ફેઝ ઘર વપરાશ હેતુના કુલ ૧૮૧ વીજજોડાણ તથા થ્રી ફેઝ મીટર વાળા ૪ વીજ જોડાણ આવેલ છે જેનો મળીને કુલ લોડ ૭૦.૬૪ KVA થાય છે જે હયાત ટ્રાન્સફોર્મર ની ક્ષમતા કરતા ઓછો છે.તેમ છતાં સદર ટ્રાન્સફોર્મરનું જરૂરી મેઈનટેનન્સ કરવામાં આવેલા છે. ત્યારબાદ હાજર ગામનાં પ્રતીનીધીને પૂછતા જેઓને હાલમાં પુરતા વોલ્ટેજ મળે છે.આમ ઉપરોક્ત સ્પષ્ટતાને જોતા હાલમાં પ્લોટ વિસ્તારમાં આવેલા વીજજોડાણોને પુરતા વોલ્ટેજ મળતા હોઈ નવું ટ્રાન્સફોર્મર મુકવાની જરૂરિયાત નથી. | |